CC No. 2553/2026

**GJBK020137302026**

=========================================

## બનાસકાંઠાના મે.ચોથા એડી. સિનીયર સીવીલ અને ચીફ મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાલનપુર

=========================================

ફોજદારી કેસ નં. 2553/2026
આંક–

**ફરિયાદીઃ–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** પીરાભાઇ રૂપાભાઈ કાપડી (બારોટ),

ઉ.વ. ૪૦, ધંધો–ગેરેજકામ,

રહે. ડીસા વેલુનગર કૈલાસનગરની છેલ્લી ગલીમાં તા.ડીસા

**ગુનો–** બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭,૧૮૪ મુજબ

**–// ચુ કા દો //–**

(૧) ફરીયાદ પક્ષે સબંધિત પોલીસ સ્ટેશન તરફથી તપાસના અંતે આરોપી વિરૂદ્ધ બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એક્ટની કલમ ૧૭૭,૧૮૪ મુજબ મુજબના ગુનામાં કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ. આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીની ગુના કબુલાત નોંધી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલાને જાહેર કરેલ છે.

(૩) આરોપી સ્વૈચ્છીક ગુનો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત ધ્યાને લઈ, આરોપીને તકસીરવાન ઠરાવ્યા સિવાય કોર્ટ પાસે કોઈ વિકલ્પ નથી. આરોપી કાયદાની આંટીઘુટીનો લાભ મેળવવા પ્રયત્ન કર્યા વગર સ્વૈચ્છીક ગુનો કબુલ કરે છે. તે

સંજોગોમાં નામદાર *ગુજરાત હાઈકોર્ટના ડિવીઝન બેંચે ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનાનં.૭૦૯ ગુજરાત સરકાર વિ. નટવરલાલ હરચંદજી ઠાકોર* ના ચુકાદામાં ઠરાવેલ છે કે જો આરોપીનો પ્રથમ ગુનો હોય અને હળવી સજા કરવા માટે પુરતા કારણો જણાઈ આવતા હોય તો કોર્ટ કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા કરતાં પણ ઓછી સજા ફરમાવી શકે છે. જે નામ.હાઈકોર્ટના ચુકાદાના સિદ્ધાંત આ કામે યોગ્ય પણે લાગુડ પડતા હોવાને અત્રેની કોર્ટનું માનવું છે. આરોપીને સજા કરવામાં આવે તો આરોપી રીઢા ગુનેગારના સંસર્ગમાં આવે અને ગુનાખોરીના માર્ગે ચડે તેવી શકયતાને ધ્યાને લેતાં ઉપરોકત હકીકતને ધ્યાને લઈ આરોપીને કાયદામાં ઠરાવેલ મહત્તમ સજા નહી કરતાં, આરોપીની ગુના કબુલાત સ્વીકારી આરોપીની આર્થિક પરિસ્થિતિ, સંજોગો તથા દયાની માંગણીને ધ્યાને લઈ આરોપીને આ ગુનામાં તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-: હુકમ :-**

- બી.એન.એસ.એસ.ની કલમ ૨૬૪ અન્વયે આરોપીને બી.એન.એસ.ની કલમ ૨૮૧ તથા એમ.વી.એકટની કલમ ૧૭૭,૧૮૪ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ.૧૦૦૦/- (રૂપિયા એક હજાર) પુરાનો દંડ તથા કોર્ટ ઊઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ન ભરે તો દિન-૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુ.પાલનપુર
તા.૧૪/૦૩/૨૦૨૬

(એસ.જે.ઠકકર)
ચોથા એડી. સિનીયર સીવીલ અને ચીફ મેજી.
પાલનપુર
યુનીક જજ કોડ નં.જીજે.૦૧૨૭૭